# ટ્રેક નં. ૪૮ અનેકાંત સ્યાદ્વાદ વિષે

✻ 'સ્યાદ્વાદ હી જિન વેણ' સર્વજ્ઞની વાણી સ્યાદ્વાદમય છે. ધ્રુવ-સ્વભાવ પણ અનેકાંતમય છે. એ સમજાવતી તત્ત્વચર્ચા સાંભળીએ અને જીવનમાં ઉતારીયે.

✻ માંગલિક :

✻ ભક્તિ : ત્રિકાળીનું જ્ઞાન એ સમ્યક્ છે એકાંત.......(૨)
એ વિણ અનેકાંતનું ન હોય સાચું જ્ઞાન.......(૨)

● બહેનશ્રી : આચાર્યદેવ કહે છે ને આ ચૈતન્યનો વૈભવ કેવો અદ્‌ભૂત, આશ્ચર્ય ઉપજાવે એવો છે! એક તરફથી દેખીએ તો એક દેખાય, અનેક દેખાય, નિત્ય દેખાય, અનિત્ય દેખાય—એવા વિરોધી ધર્મો દેખાય તો પણ એ આત્માનો આત્મામાં એવો વિરોધ નથી. એ વસ્તુભેદ નથી. એ લક્ષણભેદ છે. એ કાંઈ વિરોધી ધર્મ એવા નથી કે આત્મામાં સાથે રહી ન શકે. જેમ કે પ્રકાશ ને અંધકાર સાથે નથી રહી શકતા. જડ ને ચૈતન્ય એ વિરુદ્ધ ધર્મ છે, એવા વિરોધી ધર્મ નથી. આત્માનું જ્ઞાન લક્ષણ છે એ ચેતનમય છે. ચેતનના ચૈતન્યમય ગુણો છે. એમાં નિત્ય સ્વભાવ ને અનિત્ય સ્વભાવ છે. એ નિત્ય તો દ્રવ્ય અપેક્ષાએ ને અનિત્ય પર્યાય અપેક્ષાએ છે. ક્ષણે ક્ષણે પલટે છે. પણ દ્રવ્ય કંઈ નાશ થાતું નથી. એવો અનિત્ય સ્વભાવ નથી કે દ્રવ્ય નાશ થાય, તો બેનો વિરોધ આવે. દ્રવ્ય નાશ નથી થાતું પણ પર્યાયનો પલટો થાય છે પોતે પોતાની અપેક્ષાએ સત્ છે. પરની અપેક્ષાએ અસત્ છે. પોતાની અપેક્ષાએ અસત્ નથી. એવા વિરોધી ધર્મ એવા નથી કે એને એવો વિરોધ આવે કે એકબીજા સાથે ન રહી શકે. સાથે રહી જ ન શકે, એવું નથી પણ એવા અનેક ધર્મ આત્મામાં રહેલા છે કે એ ધર્મ એવા અચિંત્ય ને આશ્ચર્યકારી છે. આત્મા પોતે એક, એમાં અનેક ધર્મ, ઈ પોતે અનંત ધર્મની મૂર્તિ છે. એ એક હોવા છતાં અનંત અને અનંતમાં એક નિત્ય અને એની

સાથે અનિત્ય એવા અનેક જાતના ધર્મોથી આત્મા એવી અનેકાંતમય મૂર્તિ છે કે જે આશ્ચર્યકારી છે. કેટલાક ધર્મો તો વચનમાં આવતા નથી. વચનથી અગોચર (છે,) કેટલાક વચનમાં આવે છે. તો પણ એ બધાનો વિરોધ નથી. એનો વિરોધ મટાડીને સમ્યક્‌દૃષ્ટિ સાધના સાધે છે. એ એવો વિરોધ નથી કે જે સાધનાને વાંધો આવે કે જેની સાધના કરી ન શકે. ઈ એકબીજા એવા હોય. ગુણ ત્યાં પર્યાય ન હોઈ શકે. દ્રવ્ય હોય ત્યાં પર્યાય ન હોઈ શકે. એવો વિરોધ નથી. પર્યાય અંશ છે ને આત્મા અંશી છે. એની અપેક્ષાઓ જુદી છે. બેની અપેક્ષાઓ જુદી જુદી સમજે તો એનો વિરોધ મટી જાય છે. એટલે ઈ વિરોધ મટાડીને સમ્યક્‌દૃષ્ટિ સાધના સાધે છે. અને ઈ સાધના એની અવિરુદ્ધપણે સાધે છે. એમાં વિરોધ નથી આવતો. એ અનેકાંતમય મૂર્તિ છે. સ્વાનુભૂતિમાં એ એને અનેકાંતમય મૂર્તિ એની સ્વાનુભૂતિમાં આવે છે. પણ એ કેટલાક વચનો એને વચનમાં નથી આવતા. કેટલા વચનથી અગોચર છે એ જ્ઞાયક એ દૃષ્ટિમાં—દ્રવ્યને દૃષ્ટિમાં લીધું એના ગુણભેદ, પર્યાયભેદ બધું જ્ઞાન જાણે છે. એનો વિરોધ મટાડી અને સાધના સાધે છે. પોતે દ્રવ્ય પર દૃષ્ટિ કરી. દ્રવ્ય અપેક્ષાએ પૂર્ણ છે, પણ પર્યાયમાં હજી અધૂરાશ છે એને જ્ઞાન જાણે છે. એટલે ચારિત્રની સાધના બાકી રહે છે. માટે ચારિત્રની સાધના વારંવાર સાધીને અંતરમાં લીન થઈને વિભાવને ટાળતો ને સ્વરૂપને સાધતો આગળ જાય છે. એ વિરોધ મટી જાય છે. અનેકાંત જ્ઞાન એવું છે કે જેમાં વિરોધ મટી જાય. ભગવાનની વાણી એવી સ્યાદ્વાદ વાણી કે જે વિરોધ મટાડનારી છે. એવી સરસ્વતી દેવી—ભગવાનની વાણી—એનાથી વિરોધ મટી જાય છે. એ ભગવાનની વાણીમાં આખું ચૌદ બ્રહ્માંડનું સ્વરૂપ આવે છે અને ઈ જો યથાર્થ સમજે અને પોતાના સ્વભાવથી જ સમજે. જ્ઞાન પણ એવું છે ને વાણી પણ એવી છે એનાથી વિરોધ મટી જાય છે. જો યથાર્થ સમજે તો. એ આવે છે ને કે ભૂતાર્થ સ્વભાવ પોતાને દ્રવ્ય સમીપ જઈને જુએ તો ભૂતાર્થ છે

અને પર્યાયની સમીપ જઈને જુએ તો (અથવા) દ્રવ્ય પોતે ભૂતાર્થ અને પર્યાય અભૂતાર્થ—દ્રવ્યની અપેક્ષાએ અને પર્યાયની સમીપ જઈને જુએ તો પર્યાય ભૂતાર્થ દેખાય છે પણ દ્રવ્યની અપેક્ષાએ ઈ અભૂતાર્થ. એની અપેક્ષાઓ સમજે તો વિરોધ મટી જાય છે. એવો વિરોધ મટીને સાધના—વિરોધ મટાડીને સાધના સાધી શકાય છે યથાર્થ સમજે તો. વિભાવ પોતાનો સ્વભાવ નથી અને આ જે છે જ્ઞાન ઈ પોતાનો સ્વભાવ છે. માત્ર એમાં અનેકતા અને એ—એવી જાતનો વિરોધ છે પણ ઈ વિરોધ એવો નથી કે જ્યાં એક જ્યાં હોય ત્યાં અનેક રહી ન શકે—એવું નથી. લક્ષણભેદ છે અને લક્ષણભેદ—પર્યાયભેદ એવો ભેદ છે. બીજો ભેદ નથી. ને દ્રવ્યમાં એક દ્રવ્યની અંદર બધું સમાઈ જાય છે. દ્રવ્ય પોતે દ્રવ્ય અપેક્ષાએ એક અને એના ધર્મો અનંત, એના ગુણો અનંત—એ તો દ્રવ્યની એક વિભૂતિ છે. એના પર્યાયો અનંત—ઈ બધી દ્રવ્યની વિભૂતિ છે. દ્રવ્ય એવું ન હોય કે જે વિભૂતિ વગરનું—જે ગુણો વગરનું દ્રવ્ય હોય—દ્રવ્ય જ કહેવાય નહિ. એવી અનંત વિભૂતિથી ભરપૂર ભરેલું દ્રવ્ય છે અને ઈ એને જે પોતાના વિચારોથી નક્કી કરે, નય-પ્રમાણથી નક્કી કરે, ઈ નક્કી કરે છે ઈ જ એની સ્વાનુભૂતિમાં—સ્વાનુભૂતિ જો કે અપૂર્વ છે, પણ ઈ સ્વાનુભૂતિમાં જે એને પ્રતીત કરે છે, ઈ જાતની સ્વાનુભૂતિમાં કાંઈ એનો નાશ નથી થાતો. ઈ અનેકાંતમય મૂર્તિ પોતે શાશ્વત છે. એનો વિરોધ ટાળીને સાધના સાધી શકે છે. ૧.

✻ પ્રશ્ન : બધા દ્રવ્યના ધર્મ જ છે. વિરોધી પણ દ્રવ્યના જ ધર્મ ?

● ઉત્તર : દ્રવ્યના જ ધર્મો. એક વસ્તુના ધર્મો છે અને એમાં રહી શકે છે. ૨.

✻ પ્રશ્ન : વસ્તુને નિપજાવનાર ?

● ઉત્તર : વસ્તુને નિપજાવનારા, વસ્તુને ટકાવનારા—વસ્તુ અનેક ધર્મથી અનેક ધર્મની મૂર્તિ છે. એ આશ્ચર્યકારી વસ્તુ છે. ૩.

**✻ પ્રશ્ન : અનેકાંત પણ સમ્યક્‌-એકાંત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી.**

● ઉત્તર : સમ્યક્ એકાંત—એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ—સમ્યક્ એકાંત એમાંથી અનેક ધર્મ જાણીને એક વસ્તુ ઉપર દૃષ્ટિ મૂકવી ઈ જ એનો હેતુ છે. એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકી ઈ એનો ઉપકારક છે. અનેકાંતમય વસ્તુ સ્વરૂપ જાણીને એક સમ્યક્ એકાંત—એક દ્રવ્ય ઉપર દૃષ્ટિનું જોર ઈ રીતે ઉપકારી થાય છે. કોઈ ઈ અનેકાંત ને નિજ પદની પ્રાપ્તિ માટે જ ઉપકારી છે. બીજા કોઈ રીતે ઉપકારી નથી. દ્રવ્યને ઓળખીને સ્વાનુભૂતિ પ્રગટ કરવી, ઈ રીતે ઈ ઉપકારી છે. એમાં રોકાવું કે વિવાદ ને નયના પક્ષપાતમાં રોકાવું, એ માટે એ ઉપકારી નથી. ચૈતન્યની પ્રાપ્તિ માટે ઉપકારી છે. અને એ વસ્તુનું સ્વરૂપ છે અને એમાં દ્રવ્ય ઉપર દૃષ્ટિનું જોર હોય—ઈ એકાંતને મુખ્ય રાખીને અનેકાંત એની સાથે વર્તે છે તે રીતે ઉપકારી છે. બીજો કોઈ હેતુ આત્મા સિવાયના બીજી રીતે ઉપકારી નથી. સમ્યક્ અનેકાંત એનું મુખ્ય એકાંત રાખીને એની સાથે જે અનેકાંત હોય ઈ સમ્યક્ અનેકાંત છે અને સમ્યક્ એકાંત સાથે સમ્યક્ અનેકાંત હોય જ એ એનો સંબંધ છે. ૪.

**✻ પ્રશ્ન : દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરીને તથા વિરુદ્ધતાને ખ્યાલમાં રાખીને પુરુષાર્થ કરીએ.**

● ઉત્તર : શુદ્ધ સ્વભાવને લક્ષમાં લાવીને જે આત્માનો શુદ્ધ સ્વભાવ છે એને ગ્રહણ કરે, એના ઉપર દૃષ્ટિ કરે તો અવશ્ય મોક્ષ થાય છે. જે સ્વભાવ છે, એ સ્વભાવને ગ્રહણ કરે, શુદ્ધતામાંથી શુદ્ધતા આવે છે. અશુદ્ધતામાંથી શુદ્ધતા આવતી નથી. જે શુદ્ધ સ્વભાવ છે, એમાંથી શુદ્ધતા પ્રગટે. અશુદ્ધતા—જે અશુદ્ધ પોતે વિભાવ થઈ રહ્યો છે, જે અશુદ્ધ પર્યાયો છે, એ અશુદ્ધ પર્યાયને લક્ષમાં લે અને અશુદ્ધ પર્યાય ઉપર દૃષ્ટિ કરે તો એમાંથી કાંઈ શુદ્ધતા આવે નહિ. જે પોતે જ અશુદ્ધ છે, તે એમાંથી શુદ્ધતા ક્યાંથી આવે? જે શુદ્ધ છે, એમાંથી

શુદ્ધ આવે. શુદ્ધતામાંથી શુદ્ધતા આવે. અશુદ્ધતામાંથી શુદ્ધતા આવે નહિ. જેમ બધું ઊંધું જ હોય, જે વિભાવ પોતે જ મલિન છે, એમાંથી કોઈ દિ' શુદ્ધ પર્યાયો આવતી નથી. જે સ્વભાવ શાશ્વતો શુદ્ધ પડેલો છે એમાંથી જ શુદ્ધતા આવે છે. સોનામાંથી સોનાના જ દાગીના થાય. લોઢામાંથી લોઢાના જ થાય. કોઈ એમ કહે કે મંદ કષાય કરીને એમાંથી શુદ્ધતા આવે, ઈ મંદ કષાયમાંથી ન આવે, પણ અકષાય ભાવથી વીતરાગ પર્યાય થાય. ગમે એટલું મંદ હોય તોય મંદ તો કષાય છે ને! અરે અકષાય ભાવમાંથી વીતરાગતા આવે છે. જે સ્વભાવ છે, એમાંથી આવે છે. ૫.

*** પ્રશ્ન : અશુદ્ધતાને ખ્યાલમાં રાખજે.**

● ઉત્તર : અશુદ્ધતાને ખ્યાલમાં રાખજે એમ આવે છે. શુદ્ધ ઉપર દૃષ્ટિ કરી અશુદ્ધતાને ખ્યાલમાં રાખજે એમ આવ્યું ને. અશુદ્ધતાને ખ્યાલમાં રાખજે એટલે કે તારો સ્વભાવ શુદ્ધ છે. તું શુદ્ધ સ્વભાવને લક્ષમાં રાખજે અને અશુદ્ધતાને લક્ષમાં એટલે 'હું બધી રીતે શુદ્ધ છું' —કે 'દ્રવ્યથી શુદ્ધ ને પર્યાયથી પણ શુદ્ધ છું'—એવું જ્ઞાન કરીશ નહિ. તારે પર્યાયમાં અશુદ્ધતા છે. ઈ અશુદ્ધતા છે એને ખ્યાલમાં રાખજે. જે શુદ્ધ સ્વભાવ છે, એના ઉપર દૃષ્ટિ કરજે અને અશુદ્ધતા છે એને હજી ટાળવાની છે એમ ધ્યાન રાખજે. અશુદ્ધતા છે જ નહિ, કાંઈ છે જ નહિ. તો તો કાંઈ કરવાનું જ રહેતું નથી એમ. તો તો કાંઈ કરવાનું રહેતું જ નથી. જો શુદ્ધ જ છે બધી રીતે શુદ્ધ છે તો એને પુરુષાર્થ કોને માટે? તો મુક્તિ કોને માટે? સ્વાનુભૂતિ કોને માટે? કારણ પોતે શુદ્ધ જ છે ને? અશુદ્ધતા કાંઈ છે જ નહિ તો તે સ્વાનુભૂતિ સ્વરૂપ જ હોવો જોઈએ. તો તો એને પૂર્ણ શુદ્ધનું વેદન હોવું જોઈએ. એનું વેદન તો છે નહિ. એને સ્વાનુભૂતિનું વેદન નથી, કાંઈ નથી. એટલે અશુદ્ધતા છે એને તું ધ્યાનમાં રાખજે. અને શુદ્ધતા ઉપર દૃષ્ટિ કરીને પુરુષાર્થ કરજે, તો શુદ્ધ પર્યાય પ્રગટ થશે. અશુદ્ધતા છે જ નહિ. કાંઈ પર્યાયમાંય નથી, એમ જો તું ખ્યાલ

રાખીશ તો તો પુરુષાર્થ જ શેનો? કોને માટે કરવો પુરુષાર્થ? અશુદ્ધતાને ખ્યાલમાં રાખજે. પર્યાયમાં અશુદ્ધતા છે એનો ખ્યાલ રાખજે. સમ્યક્દૃષ્ટિ પણ ભેદજ્ઞાન એને થાય છે, દ્રવ્ય પર દૃષ્ટિ કરે છે તો એની ભૂમિકા અધૂરી છે એમ ખ્યાલ છે એટલે એનો પુરુષાર્થ ચાલુ જ રહે છે. પોતાના સ્વરૂપ તરફ ઠરવાનું–દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને એમાં ઠરવાનો પ્રયત્ન કરે છે. જેથી એની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે અને અશુદ્ધતા ટળતી જાય છે. દૃષ્ટિ ભલે દ્રવ્ય ઉપર હોય, શુદ્ધ ઉપર, પણ જ્ઞાનમાં તો (અશુદ્ધતાનો) ખ્યાલ રાખજે. ૬.

*** પ્રશ્ન : એક જ સમય બે પડખાનો વિચાર?**

● ઉત્તર : એક જ સમય–જ્ઞાનમાં બધું આવે છે. ઉપયોગ એક જ ઠેકાણે હોય, પણ ઈ જ્ઞાનમાં તો બધું આવે. એમ ખ્યાલ હોય છે બધો. દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ છે, પર્યાય અપેક્ષાએ અશુદ્ધતા છે. દરેક વખતે કાંઈ એને વિચાર કરવો પડતો નથી. જાણી લીધું છે (એણે.) વિચાર જ્યારે કરે કે આ અશુદ્ધતા છે, આ શુદ્ધતા છે. એમાં ઉપયોગમાં ક્રમ પડે. બાકી જે જાણી લીધું છે જ્ઞાનમાં તો જે જ્ઞાનમાં છે ઈ તો એને સહજ જ્ઞાનમાં વર્તે જ છે. સહજ જ્ઞાનની પરિણતિમાં વર્તે જ છે. ૭.

*** પ્રશ્ન : અજ્ઞાનીને પણ?**

● ઉત્તર : અજ્ઞાનીને નથી હોતું. જ્ઞાનીને વર્તે છે. અજ્ઞાનીને તો એની શુદ્ધતાનો ખ્યાલે ય નથી. શુદ્ધતા ઉપર દૃષ્ટિ જ નથી એની. શુદ્ધતાના વિચારો કરે જિજ્ઞાસુની ભૂમિકામાં પણ શુદ્ધતા ઉપર એની દૃષ્ટિ નથી. એટલે એને એવી જાતનું સહજ પરિણમન હોતું નથી વિચારો કર્યા કરે, આ અશુદ્ધતા છે, દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધતા છે, પર્યાયમાં અશુદ્ધતા છે, શુદ્ધતા ઉપર દૃષ્ટિ કરવાની છે. બધા વિચારો કરે પણ એને દૃષ્ટિ ને જ્ઞાનની એવી સહજ પરિણતિ હોતી નથી. ઉપયોગ એને એક પછી એક વિચારોમાં ફર્યા કરે છે. ઈ એને ઉઘાડમાં એવું હોતું નથી. સહજ નથી. ૮.

✻ પ્રશ્ન : એ વિચારપૂર્વક પહેલી ભૂમિકામાં વિચારપૂર્વક હું આમ છું, સિદ્ધ છું પર્યાયો છે?

● ઉત્તર : એને વિચારો આવે છે. પહેલી ભૂમિકામાં એમાં વિચારો આવે છે. દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ છે, પર્યાય અપેક્ષાએ અશુદ્ધતા છે, ઈ બધું દ્રવ્ય ઉપર દૃષ્ટિ કેમ કરવી, એમ એવા બધા વિચારો આવે છે, પ્રયાસ કરવાનો. ૯.

✻ પ્રશ્ન : દ્રવ્યદૃષ્ટિ થઈ શકતી નથી પહેલી ભૂમિકામાં?

● ઉત્તર : ઘર જોયું નથી પણ ઘર જોવાનું પ્રયત્ન કરે તો થઈ શકે છે. પ્રયત્ન કરતો નથી. ઘર પોતે જ છે. બીજું કાંઈ નથી જોવાનું એને. પોતે જ છે. પોતે પોતાને જોતો નથી. પોતે જ છે કાંઈ દૂર નથી. પણ પોતે જોતો નથી. એટલે વિચારો કરીને નક્કી કરે છે. પહેલી ભૂમિકામાં તો એમ વિચાર જ કરવાનો, વિચારથી નક્કી કરવાનું હોય છે. સહજ હોતું નથી. ૧૦.

✻ પ્રશ્ન : અનેકાંતનો આશ્રય કેવી રીતે કરવો?

● ઉત્તર : અનેકાંતનો આશ્રય તો યથાર્થ સ્વરૂપ સમજનેસે હોતા હૈ. પહેલા જ્ઞાનને યથાર્થ સમજવું પડે કે વસ્તુકા સ્વરૂપ કૈસા હૈ. યથાર્થ વિચાર કરકે નિર્ણય કરના ચાહિયે. વો ભીતરમેં જો સ્વભાવ હૈ ઈસકો લક્ષમેં લેના ચાહિયે. 'મૈં ચૈતન્ય સ્વરૂપ હું, યે મેરા જ્ઞાયક સ્વભાવ હૈ—યે વિભાવ મેરા સ્વભાવ નહીં, વિભાવ હૈ તો પર્યાય અપેક્ષાએ હૈ, દ્રવ્ય અપેક્ષાસે નહીં' ઐસા યથાર્થ વસ્તુસ્વરૂપ નિર્ણય કરના ચાહિયે. ઐસે યુક્તિ, દલીલ યથાર્થ રીતે ઉસકો યુક્તિ દલીલ ઐસે નિર્ણય નક્કી કરના કિ જો વસ્તુ હૈ ઐસે હી યથાર્થ નક્કી કરના ચાહિયે. જો ગુરુદેવે કહા, જો ભગવાન કહતે હૈં, શાસ્ત્રમેં આતા હૈ, ઉસકે સાથ મિલાન કરકે અપના—અપને વિચાર કરકે યુક્તિકે અવલંબનસે નક્કી કરના ચાહિયે. પહેલાં યુક્તિકે અવલંબનસે વો આગમકે આશ્રય, દેવ-ગુરુ-શાસ્ત્ર જો પ્રત્યક્ષ વાણી સુની—ઉસકે આશ્રય, અવલંબનસે, યુક્તિ અવલંબનસે—પીછે ઉસકા ભેદજ્ઞાન

કરકે સ્વાનુભૂતિસે નક્કી હોતા હૈ. પહેલાં ઐસે યુક્તિકે આલંબનસે નક્કી હોતા હૈ. વિચાર કરનેસે દેવ-ગુરુ-શાસ્ત્ર ઔર યુક્તિનું આલંબન. ૧૧.

✻ **પ્રશ્ન : અનેકાંત વસ્તુના સ્વરૂપને દર્શાવે છે. એમાં દ્રવ્યનો આશ્રય આવી જાય ?**

● ઉત્તર : અનેકાંત સ્વરૂપને! હા, દ્રવ્યનો આશ્રય આવી જાય છે. અનેકાંત સ્વરૂપ જિસકો યથાર્થ અનેકાંત સ્વરૂપ પ્રગટ હોતા હૈ. અનેકાંતકા નિર્ણય હોતા હૈ, તો ઉસકો દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોતી હી હૈ. એક દ્રવ્ય, 'મૈં દ્રવ્યસે શુદ્ધ હું', ઐસે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે. જ્ઞાનમેં સબ અનેકાંત સ્વરૂપ ઈસકે જ્ઞાનમેં આ જાતા હૈ. તો ઉસકી દૃષ્ટિ સમ્યક્ હોતી હૈ. જો અનેકાંત ઈસકો ખ્યાલમેં નહીં રહતા, તો દૃષ્ટિ સમ્યક્ નહીં હોતી. જ્ઞાન ઔર દૃષ્ટિ દોનોંકો સંબંધ હૈ. યે દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર કરનેસે કિ 'મૈં શુદ્ધ હું'—જ્ઞાનમેં ખ્યાલ રહતા હૈ કિ મૈં અશુદ્ધ કઈ અપેક્ષાસે હું, શુદ્ધ કઈ અપેક્ષાસે હૈ, ઐસે અનેકાંત સ્વરૂપ જ્ઞાનમેં ઈસકો રહતા હી હૈ. ઈસકો સમ્યક્‌જ્ઞાન કહતે હૈં. દૃષ્ટિ ભી સમ્યક્ હોતી હૈ. ઉસે એકાંત—દૃષ્ટિમેં ભલે એક 'મૈં શુદ્ધાત્મા હું', દૃષ્ટિમેં આવે પણ જ્ઞાનમેં તો અનેકાંત સ્વરૂપ ઉસમેં આતા હૈ. દૃષ્ટિકે સાથ અનેકાંત સ્વરૂપ પ્રગટ હો જાતા હૈ. દૃષ્ટિકે સાથ અનેકાંતકા જ્ઞાન પ્રગટ હો જાતા હૈ. અનેકાંત સ્વરૂપ તો હૈ, ઐસા જ્ઞાન આ જાતા હૈ દૃષ્ટિકે સાથ. દૃષ્ટિ સમ્યક્ હોતી હૈ તો જ્ઞાન સમ્યક્ હો જાતા હૈ. સબ અપેક્ષા જ્ઞાનમેં આ જાતી હૈ. એક દ્રવ્ય ઔર પર્યાય યે દો અપેક્ષામેં સબ અપેક્ષા આ જાતી હૈ. અનેકાંત સબ ઈસમેં આ જાતા હૈ. દ્રવ્ય પર્યાયકા જ્ઞાન કરનેસે દ્રવ્ય-ગુણ-પર્યાય ઈસમેં સબ અપેક્ષા આ જાતી હૈ. ૧૨.

**પ્રશ્ન : સમ્યક્ એકાંત દૃષ્ટિનો આશ્રય આવી જાય તે થોડું વિસ્તારથી સમજાવશો. અનેકાંતના નિર્ણયમાં દૃષ્ટિ સમ્યક્ થઈ જાય છે. એ થોડું વિસ્તારથી સમજાવશો.**

● ઉત્તર : અનેકાંતનો નિર્ણય કરે તો દૃષ્ટિ સમ્યક્ થઈ જાય છે એટલે કે દૃષ્ટિ જે અનેકાંત—જ્યાં એને ખ્યાલમાં આવ્યું કે હું શુદ્ધાત્મા—દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ અને પર્યાય અપેક્ષાએ અશુદ્ધતા છે તો એમાં એને દૃષ્ટિ દ્રવ્ય ઉપર કે 'હું ચૈતન્યનો આશ્રય ગ્રહણ કરું'—એમ ચૈતન્યનો આશરો લેવાથી એને દૃષ્ટિ સમ્યક્ થઈ જાય છે અને ખ્યાલ રહે છે પાછો કે પર્યાયમાં અશુદ્ધતા છે, અને પર્યાયમાં અશુદ્ધતા છે એટલે એને પુરુષાર્થ કરવાનો ખ્યાલ ને એ બધું સાથે રહે છે. નહીંતર જ્ઞાન એકલું 'હું દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ, પર્યાય અપેક્ષાએ અશુદ્ધ' એમ એકલું એમ કર્યા કરે તો ઈ તો માત્ર એને વિચારવા પૂરતું—વિચારનું અનેકાંત થયું. જો વિચારમાં અનેકાંત એમ વિચાર્યા કરે કે 'દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ હું, પર્યાય અપેક્ષાએ અશુદ્ધ'—એમ વિચાર્યા કરે તો વિચારવા પૂરતું અનેકાંત થયું. પણ ઈ સમ્યક્ અનેકાંત ત્યારે થાય કે દૃષ્ટિ સમ્યક્ થાય તો જ સમ્યક્ અનેકાંત એની પરિણતિરૂપ અનેકાંત ત્યારે થાય કે દૃષ્ટિ સમ્યક્ થાય તો એને પરિણતિરૂપ અનેકાંત થાય. નહિતર વિચારરૂપ અનેકાંત—વિચાર કર્યા કરે કે દ્રવ્યથી આમ પર્યાયથી આમ—એમ વિચારમાં આવ્યું નિર્ણય કર્યો પણ દૃષ્ટિ જો દ્રવ્ય ઉપર સ્થપાતી નથી તો એનું અનેકાંત એ વિચાર માત્ર છે. ૧૩.

✻ પ્રશ્ન : અનેકાંતનો નિર્ણય પણ સાચો નિર્ણય નથી.

● ઉત્તર : હા. નિર્ણય (સાચો નથી.) માત્ર વિચાર કરે છે એમ પરિણતિરૂપ નથી. દૃષ્ટિ દ્રવ્ય ઉપર અને પર્યાયનો ખ્યાલ રહે છે એ એવી જ્યાં પરિણતિ થાય છે, તો ઈ એની સાથે દૃષ્ટિ અને પ્રમાણ—બેય સાથે પરિણમે તો એનું અનેકાંત જ્ઞાન. અનેકાંત સાથે દૃષ્ટિ સમ્યક્ એકાંત—એ બે સાથે આવી જાય છે. એકાંત—અનેકાંત અનેકાંત એકલું વિચાર્યા કરે તો વિચારવા પૂરતું છે. નિર્ણય કરવા પૂરતું છે. અભ્યાસ પૂરતું છે આ. ૧૪.

✻ પ્રશ્ન : ઈ નહિ ?

● ઉત્તર : ઈ નહિ. એની પરિણતિ થઈ જાય. દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય ને પર્યાયનો ખ્યાલ રહે. અંદર પોતાને પુરુષાર્થની દોરી ચાલુ થઈ જાય, તો એ અનેકાંતે અનેકાંતરૂપ કાર્ય કર્યું છે. ઓલું તો એકત્વબુદ્ધિ છે અનાદિની એમાંથી પોતે ભેદજ્ઞાન કરીને સ્વભાવ તરફ જાય અને પર્યાયનો ખ્યાલ રાખે તો એને અનેકાંતની પરિણતિ પ્રગટ થઈ છે એમ. ૧૫

● બહેનશ્રી : જ્ઞાન મેરા ઐસા કુછ હૈં..........પણ વો સ્યાદ્વાદી હૈ. યે ઐસા માનતા હૈ કિ મેરા જ્ઞાન તો ઐસા હૈ. પરસે મલિન હૈ મૈં જાનતા હૂં તો ઐસા નહિ હૈ. ૧૬.

પ્રશ્ન : દૃષ્ટિ દ્રવ્ય ઉપર ત્રિકાળી ઉપર છે અને પર્યાય જુદી છે ?

ઉત્તર : પર્યાય જુદી નથી. ૧૭.

✻ પ્રશ્ન : સારી પર્યાય ?

ઉત્તર : સભી પર્યાય. જ્ઞાનમેં સબ આતા હૈ. સ્યાદ્વાદી અપેક્ષા એ કે એ દૃષ્ટિની અપેક્ષાએ પોતાને સત્ સ્વરૂપ જાને. શ્રદ્ધાની પર્યાય પણ. પરપદાર્થકો જાન સકતા હું. પર મેરેમેં જ્ઞેય નહીં આતા હૈ. વસ્તુ. પણ મૈં જ્ઞાયક જ્ઞાનાકાર હોના જ્ઞાન મેરા સ્વભાવ હૈ. જ્ઞેયાકારમેં પરવસ્તુ લુપ્ત નહીં હો જાતી. પણ જાનના મેરા સ્વભાવ હૈ. ઐસે દૃષ્ટિ ઔર જ્ઞાન દોનોંકી બાત હૈ. ધ્રુવકી ઔર ધ્રુવકી સાથ જ્ઞાન રહતા હૈ વો સ્યાદ્વાદી જ્ઞાનસે જાનતા હૈ ઐસા સ્યાદ્વાદ અધિકાર હૈ ને? સ્યાદ્વાદી સબ જાનતા હૈ. યે દૃષ્ટિમેં ઈસ સબકા વિષય હોતા હૈ પણ જ્ઞાનમેં જાનતા હૈ કિ મેરા જ્ઞેય હૈ ઔર જ્ઞેય હૈ તો જાનનેકા સ્વભાવ હૈ મેરા, પર ઉસકે રૂપ મૈં નહિ હું. તો વો જિસકી દૃષ્ટિ ઐસી હૈ કિ જ્ઞેય મેરેમેં આ ગયા તો વિચારતે હૈ કિ 'મૈં ઐસા હો ગયા'. મુઝે બોઝા હો ગયા. ૧૮.

✻ પ્રશ્ન : દૃષ્ટિ સાથમેં ?

● ઉત્તર : સ્યાદ્વાદ હી અધિકાર હૈ ને. જ્ઞાનકે સાથે દૃષ્ટિ સાથમેં રહતી હૈ. ૧૯.

* પ્રશ્ન : (અસ્પષ્ટ) પર્યાયભેદ ?

● ઉત્તર : પર્યાયભેદ. દૃષ્ટિ નિશ્ચિત હૈ. જ્ઞાન હૈ તો સબ જાનતા હૈ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસે સ્વદ્રવ્ય મૈં. પરદ્રવ્ય મૈં નહીં, ક્ષેત્ર મૈં નહીં, કાળ, ભાવસે મૈં ભિન્ન હું. ૨૦.

* પ્રશ્ન : (અસ્પષ્ટ) દૃષ્ટિ ઔર જ્ઞાન ?

● ઉત્તર : દૃષ્ટિ ઔર જ્ઞાન દોનોં..........૨૧.

* પ્રશ્ન : સ્યાદ્‌વાદમેં ?

● ઉત્તર : સ્યાદ્વાદ ૨૨.

* પ્રશ્ન : પર્યાયકી અપેક્ષાસે ઔર દ્રવ્યકી અપેક્ષાસે બાત ...

● ઉત્તર : યે અનેકાંતકી બાત હૈ પર્યાય હૈ ઈસમેં એકાંત દૃષ્ટિકી બાત હૈ. ૨૩.

* પ્રશ્ન : નિર્વિકલ્પ ?

● ઉત્તર : હા, નિર્વિકલ્પ જ્ઞાનમાં ખાલી ધ્રુવ. ત્રિકાળીકી અપેક્ષાસે. ૨૪.

* પ્રશ્ન : લક્ષ ?

● ઉત્તર : બાકી ઓલો વિવેક કરે છે ને શ્રદ્ધા યે જ્ઞાન. ૨૫.

* પ્રશ્ન : સ્યાદ્વાદી દોનોંકો જાનતા હૈ? દ્રવ્ય–પર્યાય દોનોંકો?

● ઉત્તર : દોનોંકો—દ્રવ્ય-પર્યાય દોનોંકો. ૨૬.

* પ્રશ્ન : (પ્રશ્નો અસ્પષ્ટ છે)

● ઉત્તર : દૃષ્ટિકી અપેક્ષાસે સ્વસે હૂં પરસે નહીં વો નિર્વિકલ્પ. ૨૭.

* પ્રશ્ન : નિર્વિકલ્પ પર્યાય ?

● ઉત્તર : નિર્વિકલ્પ પર્યાય કી પણ દૃષ્ટિ ઉસકી અપેક્ષાસે.

● બહેનશ્રી : એ અનેકાંત છે. વિભાવ પર્યાયથી કથંચિત્ ભિન્ન ને કથંચિત્ એકાકાર કોઈ અપેક્ષાએ પોતે વિભાવમાં જોડાય છે એટલે એનામાં છે અને ઓલો વસ્તુનું દ્રવ્યમાં નથી માટે એનાથી

જુદો, ન્યારો છે. એ ન્યારો કેવી રીતે છે એ દેખાડનારી સરસ્વતીની મૂર્તિ, એ સરસ્વતીની મૂર્તિ પ્રકાશમાન રહો બધાને માટે આશીર્વચન છે. પ્રકાશમાન રહો. જગતની અંદર આવે, સરસ્વતીની મૂર્તિ પ્રકાશમાન રહો. દ્રવ્યશ્રુત–ભાવશ્રુત બધી રીતે પ્રકાશમાન કારણ કે આ ચૈતન્યદેવને બતાવનારી વાણી છે. અનંત ધર્મોથી જે ચૈતન્યદેવ બિરાજી રહ્યા છે, કેટલા વચનોમાં નથી આવતા અનંત. કેટલાક વચનોમાં આવે છે એ ભધું બતાવનારી હોય તો આ સરસ્વતીની મૂર્તિ. ભગવાનની દિવ્ય ધ્વનિ દ્વારા બધું કહેવામાં આવ્યું છે. ભગવાન કેવળજ્ઞાનમાં બધું જાણી રહ્યા છે. એ બધા લોકાલોકના એક સમયમાં બધા પદાર્થ–એને પોતાના ચૈતન્યદેવને જાણી રહ્યા છે એક સમયની અંદર. એ એમનું જ્ઞાન જ એવું કેવળજ્ઞાન છે. એક સમયની અંદર પોતાના અનંત ધર્મોને પહોંચી વળનારા, અનંત પર્યાયોનો પહોંચી વળનારા. એક સમયમાં એના એને લક્ષમાં લઈ એનું સાક્ષાત્‌ જ્ઞાન કરનારા, સાક્ષાત્‌ દર્શન કરનારા એવું એમનું જ્ઞાન અને એવી એમની દિવ્ય ધ્વનિ, એ દિવ્યધ્વનિ બધા દેવ ને કાંઈ ચૈતન્યદેવના દર્શન થાય એવી, ઈ દિવ્ય ધ્વનિ જ બધા ચૈતન્યદેવના દર્શન કરાવે છે માટે ઈ દિવ્યધ્વનિ સરસ્વતીની મૂર્તિ જગતમાં પ્રકાશમાન રહો. એ દ્રવ્યશ્રુત, ભાવશ્રુત, કેવળજ્ઞાનની દિવ્ય ધ્વનિરૂપ મૂર્તિ, કેવળજ્ઞાનની મૂર્તિ અને એને બધી જગતમાં ઈ ચૈતન્યદેવ તો શાશ્વત બિરાજમાન છે એને જગતમાં પ્રકાશનારી, જગતમાં જે સરસ્વતીની મૂર્તિ બધા કહે છે, ઈ સરસ્વતી નહિ. ખરી સરસ્વતી તો આ છે. કેવળજ્ઞાન સરસ્વતી ને ઓલું તંબૂરો વગાડે છે ને બધા ચિત્રો હોય છે ને! ઈ સરસ્વતીની મૂર્તિ નહિ. એ આ સરસ્વતીની મૂર્તિ છે કે જે ચૈતન્ય દેવના દર્શન કરાવનારી છે ઈ સરસ્વતી દેવી. ને અનેકાંતમય ચૈતન્યદેવ બિરાજે છે એમાં અનંત ધર્મોથી શોભી રહ્યો છે જે ચૈતન્યદેવ એના દર્શન કરાવનારી હોય તો આ સરસ્વતી દેવી છે. દિવ્યધ્વનિ છે. ઈ દિવ્યધ્વનિમાં દેવો એના ઊંડા રહસ્યોમાં તરબોળ

થઈ જાય છે એ ચૈતન્યદેવના દર્શન સર્વવિશુદ્ધિજ્ઞાન.

જે ભગવાને કહ્યો એ અનેકાંત સ્વરૂપ. કેવળજ્ઞાન પ્રગટ થાય છે તે એક સમયમાં બધા અનંત ધર્મોને પહોંચી વળે છે. પોતાના અનંત ધર્મોમાં પહોંચી વળે છે. પોતાની અનંત પર્યાયોમાં પહોંચી વળે. અનંત ધર્મો ને અનંત પર્યાયોમાં જ્યાં પહોંચી વળે એ લોકાલોકમાં પહોંચી જાય છે. એકદમ જ આમ પહોંચી ગયો છે. એકદમ બધે પહોંચી જાય છે. કાંઈ બાકી નથી રહેતું. એવી કેવળજ્ઞાનની લબ્ધિ છે. ભગવાનની દિવ્ય ધ્વનિ સમોસરણમાં છૂટે છે. ઈ દિવ્યધ્વનિ બધાને પ્રકાશ કરે છે. ચૈતન્યનું પૂર્ણ પ્રકાશ કરે છે. ચૈતન્યનું પૂર્ણ સ્વરૂપ બતાવે, એનું દ્રવ્ય કેવું બતાવે, એના ગુણો બતાવે, એની પર્યાયો બતાવે, એની સાધના બતાવે—એ બધું બતાવે છે. સાધના કેવી હોય? ચૈતન્યનો વૈભવ બતાવે છે. એવી સરસ્વતીની મૂર્તિ છે. અનંતકાળથી એણે શું કર્યું? કેવી જાતના વિભાવો થયા? એનામાં શું વૈભવ ભર્યો છે—એ બધું સરસ્વતીની મૂર્તિ બતાવે છે કે તારા ચૈતન્યમાં આટલો વૈભવ, આટલો ખજાનો ભર્યો છે. એને તું જો. સાધના કરનારને જે ભાવશ્રુત પ્રગટે છે ભાવશ્રુતમાં પણ આ ચૈતન્યદેવનો વૈભવ—એ વૈભવના દર્શન થાય, એનો અનુભવ થાય અને એમની વાણી દ્રવ્યશ્રુત સ્વરૂપ વચનો છે એનાથી પણ ચૈતન્યનો વૈભવ ને ચૈતન્યની અનુભૂતિ થાય છે. એ બધું જગતમાં પ્રકાશમાન થાય છે. આવા દેવ ને આવા દેવની વાણી ને વચનો ભાવશ્રુત, ભાવશ્રુતના સાધનારા. ભાવશ્રુતના દ્રવ્ય વચનો, દ્રવ્યશ્રુત એ બધી જ જગતમાં પ્રકાશમાન છે. એવો ચૈતન્ય નિરાળો આત્મા વિભાવથી જુદો એની બધી અપેક્ષારૂપ. કઈ અપેક્ષાએ શુદ્ધ? ને કઈ અપેક્ષાએ અશુદ્ધ? દ્રવ્ય દૃષ્ટિએ શુદ્ધ—પર્યાયમાં અશુદ્ધતા છતાં એનાથી દ્રવ્યદૃષ્ટિએ ન્યારો—એની સાધના કેવી રીતે કરવી? દ્રવ્યદૃષ્ટિ જ્ઞાન—એનું ચારિત્ર—બધું કેવી રીતે પ્રગટ કરવું?—એ બધું સરસ્વતી અને સાધના કરતાં કરતાં શુદ્ધ પ્રગટે છે, ઈ બધું સરસ્વતીની મૂર્તિ બતાવી રહી છે. ભગવાનનું કેવળજ્ઞાન તો એક સમયમાં અનંત

ધર્મોમાં પહોંચી જાય છે. એના સૂક્ષ્મ સૂક્ષ્મ પર્યાયોમાં, એના ખૂણે ને ખાંચરે બધેય એ પહોંચી જાય છે. એક સમયની અંદર. ખૂણે ને ખાંચરે—એટલે કાંઈ છાનું નથી રહેતું. બધું એના જ્ઞાનમાં આવી જાય છે. એના વેદનમાં આવી જાય છે. બીજા દ્રવ્યોનો પણ સહજ પ્રકાશમાન થાય છે, પ્રકાશ કરે છે એવી આ મૂર્તિ છે. ઈ ચૈતન્યનો વૈભવ બતાવે છે. ચૈતન્યમાં શું શું ભર્યું છે? ચૈતન્યમાં શું શું ચમત્કારો ભર્યા છે એ બતાવે છે. અનેકાંતરૂપ અનેકાંત મુદ્રાવાળો, છાપવાળો. એવી વાણી જેમાં અનેકાંત મુદ્રા છાપ છે. ૨૮.

＊ પ્રશ્ન : નિત્યમેવ પ્રકાશનારી એવી અનેકાંત મૂર્તિ?

● ઉત્તર : અનેકાંતમય મૂર્તિ, નિત્યમેવ પ્રકાશનારી એ સરસ્વતીની મૂર્તિ જગતમાં પ્રકાશમાન છે. આ તે માર્ગે ચડાવનારી છે. દિવ્ય ધ્વનિ વગર આ એવો કોઈ માર્ગ એ સરસ્વતી દેવીની કૃપા વગર જીવો કાંઈ પોતે પાર પામી શકે નહિ. કહે છે ને હે! સરસ્વતીની માતા પ્રસન્ન થાઓ! લૌકિક નહિ, આ સરસ્વતી દેવી, એની પ્રસંશામાં પોતે ચૈતન્યની પ્રશંસા બધા નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. હે જિનેન્દ્રદેવ! જિનેન્દ્ર દેવની કૃપામાં આ સરસ્વતી વાણીની કૃપા આવી જાય છે. બધે દેવ-ગુરુ-શાસ્ત્ર અને ચૈતન્યદેવ છે. ઉપાદાન નિમિત્તનો સંબંધ આપે છે. સરસ્વતી દેવીની મૂર્તિ શું? ભગવાનની દિવ્યધ્વનિ તમે શું કહેવા માગો છો? મુનિઓની, આચાર્યોના વચનો શું કહેવા માંગો છો? એને તું ઊંડો ઊતરીને જો એનો દાસ થઈ જો. 'હું કાંઈ જાણતો નથી' હે સરસ્વતી દેવી! તમે બતાઓ, તમે જે કહો એ રસ્તે ચાલુ, એમ સરસ્વતીના ઊંડા રહસ્યને તું એમ એનો દાસ થઈને તું ખોજજે તો તને મળશે પણ 'હું કઈ જાણું છું'—એવી દૃષ્ટિથી તું જઈશ તો સરસ્વતી દેવીની કૃપા નહિ થાય તને. તું એનો બાળક થઈ, તું એનો દાસ થઈ—માતા આગળ બાળકની જેમ રહેવાથી જ માતાની કૃપા હોય છે. માટે તું બાળક થઈને રહે. હે માતા! તમે બતાઓ રહસ્ય, એ જ માતાનું રહસ્ય

તારાથી જણાશે. જો કે માતા તો માતા જ હોય છે. પણ તોય કહે, તું બાળકની જેમ એના રહસ્યો તારે ઝીલવા માટે તું એનો દાસ થઈને રહસ્ય જાણજે. એ દિવ્ય ધ્વનિનો—આચાર્યોના વચનો—તું પામર થઈને એનાં રહસ્યોને ખોજજે. તો તને જણાશે. એમ તો ગુરુદેવની વાણીમાં તું એમનો દાસ થઈને ગુરુદેવને શું કહેવાનું છે. એના રહસ્યને ખોજજે તો તને મળશે. તો તને તારા ચૈતન્યદેવના દર્શન થાશે, તો તને ચૈનત્ય દેવનો ખજાનો મળશે. એ સરસ્વતી દેવી-ગુરુની વાણી કહી રહી છે. તો તને વારસો મળશે ચૈતન્ય દેવનો. દિવ્યધ્વનિમાં ભગવાન જિનેન્દ્રદેવ ત્રણલોકનાં નાથ—ગુરુને શું કહેવું છે? વાણી દ્વારા શું કહી ગયા? ઈ તો એનો દાસ થઈને, બાળક થઈને જાણવાનો પ્રયત્ન કરજે. 'હું કંઈ જાણું છું' એ તું છોડી દેજે 'મેં તો આમ જાણ્યું હતું' એ છોડી દેજે એમનો શું આશય છે? એ તું જાણજે તો તને રસ્તો મળશે. એ એમની કૃપાથી જ તારો રસ્તો ચોખ્ખો થાશે. ને તો જ તને આત્મા અંદરથી મળશે. અનંત ધર્મોથી બિરાજમાનના તને દર્શન થાશે અને અનુભૂતિ થાશે. જ્ઞાનથી ને વચનથી. કેવળજ્ઞાનને સરસ્વતીની મૂર્તિ કહેવાય છે એમાં દિવ્યધ્વનિ તો ભેગી આવી જાય છે. ને દ્રવ્યશ્રુતની સરસ્વતીની મૂર્તિ અને ભાવશ્રુતને પણ સરસ્વતીની મૂર્તિ કેવળજ્ઞાન તો પૂરી મૂર્તિ. એમાં તો કાંઈ બાકી જ ન રહે. બધા દર્શન થાય એમાં તો. ૨૯

ભક્તિ : આવે હૃદયમેં ત્યાગ સ્યાદ્વાદ સાધના કરત,
શુદ્ધ આતમકો અનુભવ પ્રગટ ભયો હૈ,
જાકિ જ્ઞાન મહિમા ઉદ્યોત દિન દિન પ્રતિ,
તોરી ભવસાગર ઉલ્લંઘી પાર ગયો હૈ.

● બહેનશ્રી : બીજા બોલમાં ઈ જ આવ્યું છે મારા અસ્તિત્વમાં બીજાનું અસ્તિત્વ માન્યું એ અનાદિથી ભૂલ થઈ. કાં બીજાનું અસ્તિત્વ એમાં મારું અસ્તિત્વ કાં બીજાનું નાસ્તિત્વ કરે એ એવી રીતે કરે પોતાનું પણ નાસ્તિત્વ કરે. આ મારામાં નથી. પોતામાં

નથી એટલે પોતાના ગુણો ય એમાં નથી. ઈ જ્ઞાન ને જ્ઞેય બધું ભેગુ થયું. બધું એમ દ્રવ્ય એવી રીતે સમજવામાં ભૂલ કરે, ક્ષેત્ર સમજવામાં, કાળ સમજવામાં બધામાં જ ભૂલ કરે છે. પોતાના ગુણો સમજવામાં ભૂલ કરે છે. ગુણ અને આ બધું બીજું મારામાં આવી ગયું. એને કાઢી નાખું—આ તો બધું લાગે છે આકુળતા. એમ કરીને પોતાનો સ્વભાવ કાઢી નાખે છે. એમ કાઢવા જાય, નાસ્તિત્વ કરવા જાય છે તો બધું નાસ્તિત્વ કરે છે અને અસ્તિત્વ તો બીજામાં મારું અસ્તિત્વ. બધી રીતે પોતાની હયાતિ ખોઈ બેસે છે. હું કાંઈ છું જ નહિ એમ. પોતાના ગુણનું નાસ્તિત્વ કરે છે. પોતાના દ્રવ્યનું નાસ્તિત્વ કરે છે. પોતાની પર્યાય બીજામાં મારી પર્યાય છે. એવી રીતે બીજામાં મારું અસ્તિત્વ કાં મારામાં નાસ્તિત્વ. હું બીજામા છું, કાં બીજા મારામાં છે એવું જ કર્યા કરે છે. ખરું સમજે કે હું મારા દ્રવ્યમાં મારાથી જ છે, મારું અસ્તિત્વ મારાથી જ છે. બીજાનું મારામાં નાસ્તિત્વ છે. .......... મારા ગુણનું અસ્તિત્વ મારામાં છે. મારા ગુણો બીજામાં જાતા નથી. મારા ગુણો જ્ઞેયમાં જાતા નથી. જ્ઞેય મારામાં આવતા નથી. જ્ઞેયોનું મારામાં નાસ્તિત્વ છે. જ્ઞેયોનું નાસ્તિત્વ હોવાથી એની સાથે મારું નાસ્તિત્વ થતું નથી. જ્ઞેયોનું મારામાં નાસ્તિત્વ એટલે મારું નાસ્તિત્વ એમાં આવતું નથી. મારું મારાથી અસ્તિત્વ અને પરથી નાસ્તિત્વ. મારી પર્યાય સ્વયં મારા આત્મામાં હું પરિણમું છું. બીજાને લઈને મારું પરિણમન નથી. બીજા પરિણમે ભેગો હું ય પરિણમી જાઉં છું. એવું કાંઈ કાંઈ ઊંધું માને છે. હું સહજ જ્ઞાનપૂંજ આત્મા આનંદ સ્વરૂપથી ભરેલો છું. હું મારાથી જ છું. ક્ષેત્ર મારા, ઘર મારા, એમાં રહેનારો છું. મારા ઘરમાં રહેનારો છું. પરઘરમાં રહેનારો નથી. બીજાના સ્થાન, બીજાના રહેવાના ક્ષેત્ર મારામાં આવતા નથી. મારું ક્ષેત્ર એમાં જાતું નથી. બીજાનું ક્ષેત્ર મારા. ઈ ક્ષેત્રો દેખીને આ બધું કલંક છે એમ જાણે. કાઢવા જાય તો પોતાને કાઢી નાખે. એવી અનેક પ્રકારે (ભૂલ છે.)

જો કાઢવા જાય છે બીજાને તો પોતાને જ કાઢી નાખે છે. ૩૦.

● બહેનશ્રી : અમુક કાળે પરિણમન કરે તો ઈ કાળને કારણે હું પરિણમ્યો ને ઈ ક્ષણે મારો નાશ થયો. ઈ પરિણમે બીજાની પર્યાયપણે હું પરિણમું. ને મારો નાશ થઈ જાય. કાં તો એના આલંબન કાળે જ મારું અસ્તિત્વ-જ્યારે જ્ઞેયોનું આલંબન હોય તો જ મારું અસ્તિત્વ છે. એ જ્ઞેયો—જ્ઞેયોનું આલંબન લઉં તો જ મારું અસ્તિત્વ. એનો આલંબન લીધા આમ લીધા જ કરે છે. એમાં આલંબન વગર મારો નાશ થાય છે. તો એ આલંબન લેવામાં આકુળતા આકુળતા કર્યા કરે છે. એ જ્ઞેયો જાણે જ્ઞેયો સાથે એકત્વ કરે છે. ઓલો ઈ જ્ઞેયોનું આલંબન ન હોય તો મારું જ્ઞાન મારા આગળ, હું સ્વાવલંબી છું. મારું જ્ઞાન મારાથી સ્વયં પરિણમનારું છે. એનું આલંબન હોય જ્ઞેયોનું તો જ મારું જ્ઞાન છે એવું નથી. 'હું મારા જ્ઞાનથી સ્વયં સતત જ જ્ઞાનના પૂંજ સ્વરૂપ સત્તારૂપ છું' એવી રીતે મારું અસ્તિત્વ છે. પોતાના અસ્તિત્વને ગ્રહણ કરજે. કેવળજ્ઞાની ભગવાન પ્રગટરૂપે પરિણમ્યા, પણ હું મારા શક્તિરૂપે છું, મારું અસ્તિત્વ મારાથી છે. ઈ કાર્યને લઈને કારણ એમ નહીં કારણ પોતે સ્વતઃ સિદ્ધ છે. પણ ઈ જાણવા માટે કાર્ય પર દૃષ્ટિ કરે છે કે કાર્ય આવું પ્રગટ થાય છે. કારણો તો બધાં પડ્યા છે અંતરમાં. કાર્યને લઈને કારણ સ્વતઃ છે. ઈ કાર્યને લઈને જ્ઞાન કરે છે કે આવું કારણ છે. માટે મારામાં આવી શક્તિઓ છે. એક સ્વતઃ અસાધારણ જ્ઞાનગુણ એનામાં છે. એ જ્ઞાનગુણથી એને નક્કી થાય છે કે આવા અનંતગુણો છે એવા અસાધારણ જ્ઞાનગુણ જીવમાં છે એનાથી એ પોતાનું અસ્તિત્વને ગ્રહણ કરી શકે છે. જે દ્રવ્ય હોય, એ અનંત શક્તિવાન હોય. મારામાં એવી અનંત શક્તિઓ ભરેલી છે. અને જ્ઞાન તો અસાધારણ એટલે પ્રગટતા એને ખ્યાલમાં આવે એવો છે. બીજા એ સિવાયના અનંત ગુણો છે જે જીવમાં અનંતા છે. અનંત શક્તિથી ભરપૂર હું ભરેલો છું. હું પોતે પોતાને પ્રતીત કરું છું. ૩૧.

મૂળ ભૂલ પોતાને અસ્તિત્વ ગ્રહણ કરવામાં થાય છે ને અસ્તિત્વ અને નાસ્તિત્વમાં ભૂલ કરી રહ્યો છે. દ્રવ્યથી અસ્તિત્વ, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, ગુણનું અસ્તિત્વ ગુણોનું મારાથી.

● બહેનશ્રી : જ્ઞાનનું અસ્તિત્વ મારાથી, જ્ઞેયથી નહીં એવા અનેક પ્રકારે છે. સ્યાદ્વાદ છે એ યથાર્થ છે. એને ભેદજ્ઞાન યથાર્થ થાય છે. હું સ્વયં, મારી વસ્તુ સ્વયં છે. મારું ક્ષેત્ર મારામાં છે. હું મારા સ્વયં ઘરમાં રહેનારો છું. હું મારા જ્ઞાયક જ્ઞાનગુણરૂપે પરિણમનારો છું. જ્ઞેય જણાય ખરું પણ હું મારા જ્ઞાનથી પરિણમનારો છું. જ્ઞેયથી પરિણમનારો નથી. જ્ઞેયને લઈને પરિણમનારો નથી. જ્ઞેય પરિણમે તો હું પરિણમું છું એમ નથી. અથવા જ્ઞેયનું આલંબન લઉં તો પરિણમું—એમ નથી. મારા સ્વયં જ્ઞાનથી પરિણમનારો છું. મારા સ્વયં જ્ઞાનથી પરિણમનારો, મારા ગુણો સ્વતઃ સિદ્ધ છે. મારી પર્યાયો જ્ઞાન પરિણમીને પર્યાય આવે છે. જ્ઞેય પરિણમીને પર્યાય નથી આવતી. મારું જ્ઞાન પરિણમીને પર્યાય આવે છે. પણ એમાં જણાય છે. જ્ઞેયોનું સ્વરૂપ જણાય છે પણ મારા જ્ઞાન પરિણમીને એ પર્યાય આવે છે. જ્ઞેય પરિણમીને મારામાં પર્યાય નથી આવતી. જ્ઞેયની પર્યાય જ્ઞેયમાં છે. મારા જ્ઞાનની પર્યાય મારામાં છે. જ્ઞાન પરિણમીને એ પર્યાય જે આવે છે, પણ એમાં જ્ઞાન જાણે છે જ્ઞેયને, પરિણમનારો હું છું. એ સ્વપર બેયનું થાય છે પણ જ્ઞાન હું પોતે પરિણમીને એ પર્યાય આવે છે. જ્ઞેય પરિણમીને મારામાં પર્યાય નથી આવતી. હું પોતે પરિણમું છું. ભાવોરૂપે પરિણમનારો છું. મારા ભાવમાં મારાથી હું. પોતાની અચિંત્ય શક્તિનો મહિમા છે. ભેદજ્ઞાનરૂપે પરિણમનારો છું.

'હું એક સ્વરૂપે રહેનારો, અનેકરૂપે થનારો નથી.' અનેક જ્ઞેયોની પર્યાયો જણાય. પર્યાયની અપેક્ષાએ મારામાં અનેકતા થાય. બાકી હું સ્વભાવથી તો એક છું. પર્યાયની અનેકતામાં 'હું' આખો ખંડખંડ થઈ જતો નથી. ઈ તો પર્યાય છે. વસ્તુસ્વરૂપે 'હું' એક છું.

એવું યથાર્થ જ્ઞાન થાય, સ્વરૂપમાં પોતાને ગ્રહણ થાય, એવી ભેદજ્ઞાનની ધારા થાય તો એને સ્વાનુભૂતિની પર્યાય થાય. જ્ઞેયને જાણવું, જાણવું જ્ઞેયને, જાણપણું જ્ઞેયનું આવે છે પણ પરિણમન જ્ઞાનનું છે. જાણપણું જ્ઞેયને જાણે છે, પણ પરિણમન જ્ઞાનનું, જાણપણું આવે છે. જાણપણું પોતાનું સ્વનું પરનું જાણપણું છે, પણ પરિણમન જ્ઞાનનું છે. પર્યાયો આવે એમાં શું જાણ્યું જ્ઞાને? સ્વ-પર બેયનું સ્વરૂપ જાણ્યું છદ્મસ્થને તો જ્યાં એક ઠેકાણે ઉપયોગ હોય ત્યાં —પ્રગટ ઉપયોગ ઈ પ્રગટપણે તો ઈ એમ જાણે. લબ્ધમાં એને બધું હોય છે જાણવાનું. પ્રગટપણે જ્યાં ઉપયોગ હોય ત્યાં જાણે છે, છદ્મસ્થ. કેવળજ્ઞાની એક સાથે બેય જાણે છે. સ્વ-પર પ્રકાશક. ૩૨

● બહેનશ્રી : જે સાધક દશા છે ને ભેદજ્ઞાનની પરિણતી છે એ પરિણતિ જ્ઞાનની પરિણતિ તો 'હું છું ને આ પર', 'હું ને પર', 'હું ને પર' એવી જ્ઞાનની પરિણતિ તો ચાલુ જ છે. જ્ઞાન એટલે લબ્ધાત્મકજ્ઞાન એટલે ઓલું જે અનાદિનું ક્ષયોપશમ જે અમુક ઉઘાડ ને એમ નહિ. પણ એનું તો પ્રગટ થયું છે. લબ્ધ ને ઉપયોગપણે પ્રગટ ભેદજ્ઞાનની ધારા લબ્ધપણે પ્રગટ છે. ઈ કાંઈ અનાદિનું હોય એવું લબ્ધ નથી. અનાદિનું શક્તિરૂપે અથવા અમુક ક્ષયોપશમ જીવને પ્રગટ થાય ને પછી થોડો ઉપયોગ ને થોડો લબ્ધ ને એમ રહ્યા કરે, ઈ નથી. આ તો લબ્ધ એટલે આમ પ્રગટ થઈને લબ્ધ થયેલો છે. પછી એ ઉપયોગાત્મક જ્ઞાન બીજે અમુક અમુક જ્ઞેયોમાં જાય છે, પ્રગટ થઈને લબ્ધ થયેલી પરિણતિ છે જ્ઞાનની એવી સ્વપર પ્રકાશકની આ 'હું ને આ પર', 'આ હું ને આ પર' એવી જ્ઞાનની પરિણતિની ધારા સહજ ભેદજ્ઞાનની પરિણતિની ધારા સ્વપર-અંશે સ્વપર પ્રકાશક છે. ભલે ઉપયોગાત્મક નહીં પણ લબ્ધાત્મક ભેદજ્ઞાનની પરિણતિમાં સ્વપરપણું આવી જ જાય છે. ભેદજ્ઞાનની પરિણતિમાં આ 'હું ને આ પર' આ 'હું' છું. આ નથી—એવી ભેદજ્ઞાનની પરિણતિની ધારા પ્રગટ રહે છે. પરિણતિ છે ઈ. ભેદજ્ઞાનની ધારા. ઈ વેદનરૂપ

પરિણતિ છે, સ્વાનુભૂતિ નહીં પણ એને ભેદજ્ઞાનનો અમુક પ્રકારની શક્તિ એવી પ્રગટેલી હોય છે. ભેદજ્ઞાનની પરિણતિની શક્તિ છે ઈ, અમુક શાંતિની ધારા પ્રગટેલી છે. એમાં ભેગું જ્ઞાન આવી જાય છે સ્વપર પ્રકાશકનું, પરિણતિરૂપે. કેવળજ્ઞાની ક્યાં ઉપયોગ નથી મૂકતાં કાંઈ.—એ પરિણતિરૂપે એનું જ્ઞાન સહજ થઈ ગયું છે. સહજ થઈ ગયું છે પરિણતિરૂપે એ કાંઈ એક પછી એક ઉપયોગ નથી મૂકતા. સહજ ઉપયોગાત્મક થઈ ગયો છે. એક સરખો ઉપયોગ થઈ ગયો છે. ગુરૂદેવ કોઈ અપેક્ષાએ એને પરિણતિ કહેતા હતા કારણ કે એવો એક પછી એક ઉપયોગાત્મક ક્રમ નથી. પરિણતિરૂપ થઈ ગયું છે કેવળજ્ઞાન અક્રમ, ને ભેદજ્ઞાનની પરિણતિ છે. ભેદજ્ઞાન પરિણમે એમાં શું જાણ્યું? સ્વ ને પર બેય. ભેદજ્ઞાનની પરિણતિમાં સ્વ-પર બેય છદ્મસ્થના આવી જાય છે. ઉપયોગાત્મકમાં એક પછી એક પરિણતિ કાંઈ એક કોર પડી છે એવું નથી. કાર્ય કરે છે પરિણતિ. એવી નથી કે જેનું કાંઈ વેદન નથી. જેનો ખ્યાલ નથી આવતો કે આ ક્ષયોપશમ ઉપડ્યો છે ને પછી થોડું લબ્ધ ને થોડો ઉપયોગ છે કે એવું નથી. ઈ એને તો એનું વેદન નથી. એનું વેદન છે. ભેદજ્ઞાનની પરિણતિ છે. આ 'હું છું ને નથી, હું છું ને નથી' એવો ઉઘાડ એનું કાર્ય કરે છે. એવો ઉઘાડ છે એને. ક્ષણે ક્ષણે સહજ એટલે કે અંશે એનું સ્વપર પ્રકાશકપણું એનું ચાલુ થઈ ગયું છે. કેવળજ્ઞાની તો લોકાલોકના, આ તો અહીં પોતાનું પોતા પુરતું સ્વ-પર પ્રકાશક ચાલું થઈ ગયું છે. એના વેદનમાં આ વિભાવ–સ્વભાવનો ભેદ કર્યા કરે છે. ગુણનો ભેદ ને વિભાવ ને એ બધાનું જ્ઞાન કર્યા કરે છે. આમ સ્વભાવ ને વિભાવનો તો ભેદ કર્યા આ 'હું ને પર', આ 'હું ને પર' કાર્ય કરે છે. પ્રત્યક્ષ જ્ઞાન થઈ જાય છે. આ એના વેદનમાં હતું. કેવળજ્ઞાનીને પ્રત્યક્ષ જ્ઞાન થઈ જાય છે સ્વપર પ્રકાશક. ૩૩.

✻ પ્રશ્ન : નિરપેક્ષ થાય છે. પહેલાં નિરપેક્ષથી જાણવું જોઈએ અને પછી સાપેક્ષતાથી જાણવું જોઈએ એટલે કે ગુણ ગુણથી છે અને

પર્યાયથી નથી અને પર્યાય પર્યાયથી છે, ગુણથી નથી. એમ નિરપેક્ષતા સિદ્ધ કરીને પછી સાપેક્ષતા એટલે દ્રવ્યની જ પર્યાય છે અને પર્યાય દ્રવ્યની છે એમ લેવાનું રહે ? એમ સમજવામાં શું દોષ આવે ?

● ઉત્તર : પહેલા નિરપેક્ષ ને પછી સાપેક્ષ. જે નિરપેક્ષ યથાર્થ સમજે એને સાપેક્ષ યથાર્થ આવે છે. એમાં પહેલાં સમજવા માટે પહેલું પછી આવે પણ યથાર્થ જે યથાર્થ પ્રગટે એમાં બેય સાથે હોય છે. જે યથાર્થ નિરપેક્ષ સમજે એની સાથે સાપેક્ષ હોય જ છે. એકલું નિરપેક્ષ પેલા સમજે અને પછી સાપેક્ષ ઈ તો વ્યવહારની એક રીત છે. એ અનાદિકાળથી તે સ્વરૂપ તરફ દૃષ્ટિ કરી નથી. માટે દ્રવ્ય દૃષ્ટિ કર એમ દ્રવ્ય દૃષ્ટિ કર. એમ તું પહેલાં યથાર્થ જ્ઞાન કર, એમ બધું કહેવાય. એમ તું પહેલાં નિરપેક્ષ દ્રવ્યને ઓળખ. નિરપેક્ષ ઓળખવાની સાથે સાપેક્ષ શું છે એ બધું આવી જ જાય છે. જો એકલું નિરપેક્ષ આવે તો ઈ નિરપેક્ષ યથાર્થ હોતું નથી. ૩૪.

✱ પ્રશ્ન : એકલું નિરપેક્ષ છે એકાંત થઈ ગયું.

● ઉત્તર : એ એકાંત થઈ જાય છે. ૩૫.

✱ પ્રશ્ન : આપનું કહેવું એમ થયું કે સમજવામાં પહેલાં નિરપેક્ષ અને પછી સાપેક્ષ, એમ કરીને સમજવાના બે પ્રકાર પડે છે, ખરેખર તો બંને સાથે જ છે.

● ઉત્તર : ખરેખર બંને સાથે છે. સમજવામાં ભેદ છે. ૩૬.

✱ પ્રશ્ન : સમ્યક્ અનેકાંત, મિથ્યા એકાંત અરે મિથ્યા અનેકાંત એનું સ્વરૂપ સમજાવો.

● ઉત્તર : સમ્યક્ એકાંત એ છે કે ચૈતન્ય–દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી, દ્રવ્ય જેવું છે એના ઉપર દૃષ્ટિ કરવી એ સમ્યક્ એકાંત છે. એ યથાર્થ માર્ગ દ્રવ્ય ઉપર દૃષ્ટિ સમ્યક્ એકાંત છે. પણ ઈ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કેવી જાતની હોય કે એની સાથે જ્ઞાન કે આ દ્રવ્ય અને પર્યાય બેય વસ્તુનું સ્વરૂપ છે. એમાં પર્યાયને ગૌણ કરે છે અને દ્રવ્યને મુખ્ય કરે છે, એ સમ્યક્ એકાંત છે. પર્યાય નથી જ એમ નથી. પર્યાયને ગૌણ કરીને દ્રવ્યને મુખ્ય કરીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે છે. દ્રવ્યની દૃષ્ટિ

કરીને ઈ રીતે એની પરિણતિ કરીને અને જ્ઞાયકની ધારા જે પ્રગટે તેમાં દૃષ્ટિ મુખ્ય છે. આત્માને ઉર્ધ્વ રાખે છે. બીજું બધું જેમાં ગૌણ થઈ જાય છે. આત્મા જ ઉર્ધ્વ છે. દ્રવ્ય મુખ્ય છે. બીજું બધું ગૌણ છે. ગૌણ એટલે એને કાઢી નાખે છે એમ નથી. એના જ્ઞાનમાં બધું છે સમ્યક્ અનેકાંત એ દ્રવ્ય ને પર્યાય બેયનો એને ખ્યાલ છે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે. એ સમ્યક્ એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી ઈ સમ્યક્ એકાંત. પણ એ દૃષ્ટિ કઈ જાતની? એમાં પર્યાય ગૌણ છે ને દ્રવ્ય મુખ્ય છે. જ્ઞાન બધું જાણે છે કે દ્રવ્ય અને પર્યાય બેયનું–દ્રવ્યથી આત્મા અનાદિ અનંત શુદ્ધ છે પણ પર્યાયમાં અશુદ્ધતા છે એ બધું જ્ઞાનમાં એને જાણે છે. પણ એ પર્યાયને ગૌણ કરે છે, દ્રવ્યને મુખ્ય કરે છે અને મિથ્યા એકાંતમાં તો એને બધી પર્યાય ઉપર દૃષ્ટિ છે. પર્યાયથી લાભ અને પર્યાય ઉપર જ દૃષ્ટિ છે. આ શરીર તે 'હું' ને 'હું' તે શરીર. રાગ તે 'હું' ને રાગ એ બધું એકત્વબુદ્ધિ છે. મિથ્યા એકાંત–મિથ્યા અનેકાંતમાં અનેક જાતની તું ભૂલો કરી રહ્યો છે. અનેકાંતમાં–મિથ્યા અનેકાંત શું બધું એકાંત જ છે. માન્યતામાં ને કોઈ અપેક્ષામાં આમ ને કોઈ અપેક્ષામાં આમ. એમાં ખોટું છે. એમાં અપેક્ષા શું માનવી? ૩૭.

✻ પ્રશ્ન : પર્યાયરૂપ સ્વરૂપ જ ખોટું છે પછી એમાં ક્યાં અપેક્ષા ?

● ઉત્તર : એમાં અનેકાંત શું? પણ મૂળમાં ભૂલ જ છે. પર્યાય–પર્યાય ઉપર જ દૃષ્ટિ છે. પર્યાયને મુખ્ય. પર્યાય સાથે એકત્વબુદ્ધિ કરી દીધી છે. આત્માને જાણતો નથી. પર્યાય ઉપર જ દૃષ્ટિ છે. માત્ર બોલવામાં છે બધું. 'આત્મા છે, આમ છે, તેમ છે. દ્રવ્ય છે, પર્યાય છે' એમ બધું કહે છે પણ એની અપેક્ષાઓ કંઈ જાણતો નથી એને મિથ્યા અનેકાંત છે. અપેક્ષાઓ જાણ્યા વગર, 'દ્રવ્ય છે, પર્યાય છે' બધું બોલે છે. એમાં તો એકાંત જ છે બધું. ૩૮.

✻ પ્રશ્ન : પરિણતિમાં ?

● ઉત્તર : વ્યવહાર પણ છે. નિશ્ચય પણ છે. એવું બધું બોલ્યા

કરે. નિશ્ચય પણ નિશ્ચય બરાબર છે. વ્યવહાર બરાબર છે. બેયને રાખવું. પણ કેવી રીતે રાખવું? એમાં મુખ્ય શું અને ગૌણ શું? એ કાંઈ અપેક્ષા સમજતો નથી. એ મિથ્યા અનેકાંત છે. બેયને સરખે ત્રાજવે રાખે છે. નિશ્ચય પણ છે, વ્યવહાર પણ છે એમ કર્યા કરે છે? ૩૯.

✻ પ્રશ્ન : વ્યવહાર કર્યા કરે એ મિથ્યા અનેકાંત છે?

● ઉત્તર : એ મિથ્યા અનેકાંત જેવું થાય છે એ સમજીએ છીએ અમે બધું. અનેકાંત કરે—એ એમ નથી. અભિપ્રાયો કેવા છે? બોલવાની વાત જુદી એમના અભિપ્રાયો કેવા છે એની ઉપર છે? કોઈ કહે પર્યાયને છોડવું. એમ કંઈ વાત એમે ય નથી. એ અભિપ્રાય એમ કેવો છે એ સમજવાનું છે. ૪૦.

✻ પ્રશ્ન : પણ પોતાને ત્રિકાળીમાં જ સ્થાપે તો ય પાછી ભૂલ છે. તોયે એકાંત થઈ જાય છે.

● ઉત્તર : તો એકાંત થઈ જાય છે. એ કહે 'હું તો શુદ્ધ જ છું' હું, કોઈ કોઈને એમ થઈ જાય છે સ્ફટિક પોતે મૂળમાં શુદ્ધતા રાખીને પોતે જેમ લાલ-લીલા ફૂલરૂપે પરિણમે છે એમ ચૈતન્ય દ્રવ્યની શુદ્ધતા, એને તોડીને કાંઈ.......શુદ્ધતા રાખીને પરિણમે છે. ૪૧.

✻ પ્રશ્ન : દ્રવ્ય જ પરિણમે છે.

● ઉત્તર : ઈ પોતે જ પરિણમે છે. એને પોતાને ખ્યાલ નથી. પણ એ અજ્ઞાન દશામાં પણ એમ જ પરિણમે છે. પોતાની શુદ્ધતા તૂટતી નથી, કહે છે ને પોતાનું ઘર છોડીને ક્યાંય કામ એનું થાતું નથી. પરિણતિ અશુદ્ધ થાય પણ પોતાનું જે ચૈતન્ય દ્રવ્ય જે સ્વભાવ છે એ તૂટતો નથી. ૪૨.

✻ પ્રશ્ન : એ જિનેન્દ્ર ભગવાનની એક રહસ્યમય વાત છે.

● ઉત્તર : હા, એ રહસ્યમય વાત છે. એટલે એ બધું ઉપર ઉપર થાય છે. એના અંતઃતત્ત્વ અંતરમાં એના મૂળમાં કાંઈ થાતું નથી. વેદન બધું એને અશુદ્ધતાનું છે. કાં આમ થઈ જાય છે ને કાં આમ થઈ જાય છે. ૪૩

✻ પ્રશ્ન : અથવા તો પછી એમ કહે કે પર્યાયનો કર્તા પર્યાય છે?

● ઉત્તર : તો એમ થઈ જાય. પર્યાયનો કર્તા પર્યાય છે. દ્રવ્ય કાંઈ કરતું નથી. એ દ્રવ્ય-પર્યાયને બે જુદા એના ઓલું અંશ ને અંશી એમ ભાગ પાડો તો એમ કહેવાય. બાકી પ્રવચનસારમાં આવે છે કે દ્રવ્ય પોતે જ પરિણમે છે. એમ ઈ કાંઈ પર્યાય કાંઈ કોક બીજાની તો છે નહિ. પોતે દ્રવ્ય પરિણમીને પર્યાય થાય છે એનું વેદન પોતાને છે. સ્ફટિક પોતે પરિણમે છે. સ્ફટિકની લાલ પરિણતિ ને એની શુદ્ધતા એ એમ જુદું પાડો તો એની લાલાશ અને શુદ્ધતા. એ સ્ફટિકની જે શુદ્ધતા છે, ઈ જુદી ને લાલાશ જુદી—એમ કહેવાય પણ ઈ કાંઈ વસ્તુ જુદી નથી. એ વસ્તુ તો એક જ છે એમ. એમ એની ચૈતન્યની અશુદ્ધતા અને શુદ્ધતા એમ શુદ્ધતા ને અશુદ્ધતા એમ એના ભાગ પાડો પણ ઈ કાંઈ વસ્તુ જુદી નથી. સ્ફટિક કાંઈ વસ્તુ જુદી નથી થતી. એની લાલાશ જુદી વસ્તુમાં થઈ ગઈ ને સ્ફટિક સફેદ જુદી વસ્તુમાં થઈ ગઈ એમ નથી. એમ તો એક જ વસ્તુ છે. ૪૪.

✻ પ્રશ્ન : ભેદજ્ઞાનથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કોઈ વાર એવું કથન આવે કે કર્તા-કર્મની બે પદાર્થ વચ્ચેની જ્યાં સુધી યુતિ હશે ત્યાં સુધી મોહ અંધકાર નાશ નહિ થાય. કોઈ વાર એમ આવે કે જ્ઞાન માત્રને સાધન તરીકે ભગવાને અનેકાંતનો ઉપદેશ આપ્યો છે આપણા પરિણમનનો મેળ કેવી રીતે કરવો?

● ઉત્તર : બધાનો મેળ જ છે. આચાર્યદેવનો કહેવાનો એક જ આશય છે કે ભૂતાર્થ દૃષ્ટિથી જાણે તે જ સમ્યગ્દર્શન. એક દ્રવ્ય દૃષ્ટિ—એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખવી—તો એમાં આખો મુક્તિનો માર્ગ શરૂ થયો. જે દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખે એ દૃષ્ટિની સાથે જ્ઞાન એની સાથે યથાર્થ હોય જ છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ થાય એને ભેદજ્ઞાન સાથે આવી જ જાય છે. એમ દ્રવ્ય ઉપર જ્યાં દૃષ્ટિ કરે ત્યાં પર તરફથી દૃષ્ટિ છૂટી અને પોતા તરફ આવે છે. પોતા તરફ જ્યાં દૃષ્ટિ મૂકી ત્યાં વિભાવ સાથે ભેદજ્ઞાન થઈ જાય છે. અને ભેદજ્ઞાનની સિદ્ધિ—કે

એમાં દ્રવ્યદૃષ્ટિ ભેગી આવી જાય છે. ૪૫.

✻ પ્રશ્ન : એમાં કેવી રીતે ?

● ઉત્તર : એમાં ભેદજ્ઞાન એમ થયું કે 'વિભાવ આ વિભાવ સ્વભાવ તે હું નથી. તો 'હું' નથી તો 'હું' કોણ છું? પોતાની અસ્તિપૂર્વકની જે નાસ્તિ સ્વીકારે તે જ સાચું ભેદજ્ઞાન છે. એ ભેદજ્ઞાન એકલું એમ કર્યા કરે કે 'આ હું નથી, નથી' એમ એકલું નહીં—પોતાના અસ્તિત્વને ઓળખ્યા વગર 'આ રાગ હું નથી' એ સાચું નથી. એ તો માત્ર એને વિચારરૂપ હોય છે કે 'આ વિભાવ તે હું નથી'. પણ સાચું ભેદજ્ઞાન તો પોતાના સ્વભાવને ઓળખે કે 'આ હું જ્ઞાયક છું' તો વિભાવથી છૂટો પડે. ને 'જ્ઞાયક છું' એમ ઓળખે ઈ જ્ઞાયકમાં એની દ્રવ્યદૃષ્ટિ ભેગી આવી જાય છે. એ દ્રવ્યદૃષ્ટિ ભેગી આવે ત્યારે એને ભેદજ્ઞાન થાય છે. ઈ દ્રવ્યથી અભેદ અને ભેદ બેય સાથે જ આવી જાય છે. દ્રવ્યદૃષ્ટિ—દ્રવ્ય ઉપર જ્યાં દૃષ્ટિ ગઈ ત્યાં ભેદજ્ઞાન થઈ જાય છે અને ભેદજ્ઞાન તરફથી કીધું તો પણ એમાં દ્રવ્યદૃષ્ટિ આવી જાય છે. એ બેયમાં મુક્તિનો માર્ગ બેયમાં સમાયેલો છે. 'ભેદજ્ઞાન સિદ્ધા, સિદ્ધૌ'—એટલે ભેદજ્ઞાન જ્યાં થયું—સાચા ભેદજ્ઞાનની અંદર દ્રવ્યદૃષ્ટિ ભેગી આવી જ જાય છે. ભેદજ્ઞાનથી મુક્તિની શરૂઆત થાય છે. 'આ વિભાવ તે હું નથી. પણ આ સ્વભાવ તે હું છું'. પણ એ સ્વભાવ તરફ દૃષ્ટિ ગઈ. 'આ તે હું, જ્ઞાયક તે હું અને હું આ રાગ નથી', એમ—આ હું છું, આ હું નથી. એમાં ભેદજ્ઞાન આવી જાય છે. દ્રવ્યદૃષ્ટિ થઈ કે આ દ્રવ્ય તે 'હું આ છું તો હું શું નથી'? એવી જેને દ્રવ્યદૃષ્ટિ થઈ એને ભેગું ભેદજ્ઞાન આવે છે. ભેદજ્ઞાનની સાથે દ્રવ્યદૃષ્ટિ આવે છે. એ બેય સાથે જ હોય છે. જે દ્રવ્યદૃષ્ટિ થઈ, એ સાથે જ્ઞાન એનો વિવેક કરે જ છે. દૃષ્ટિ સાથે જ્ઞાન તૈયાર જ હોય છે. એ બેય સાથે જ રહે છે— દૃષ્ટિ ને જ્ઞાન. એ સાચું ભેદજ્ઞાન હોય એમાં દ્રવ્યદૃષ્ટિ—સાચી દ્રવ્યદૃષ્ટિ ત્યાં ભેદજ્ઞાન—એવો મુક્તિનો માર્ગ મુખ્ય ઈ જ છે. ને જ્ઞાનથી સિદ્ધિ—

જ્ઞાન એટલે એમાં સાચું જ્ઞાન લેવું. જ્ઞાયકને જ્ઞાયકમાંથી જ એ જ્ઞાન-જ્ઞાયકરૂપે જ પોતે પરિણમે એ. જ્ઞાયક છે એને ગ્રહણ કરે. જ્ઞાન સાધન છે. જ્ઞાન સાધન એટલે જ્ઞાન-ગુણ નહીં લેવાનો. જ્ઞાન એટલે જ્ઞાનથી આત્માને જાણ્યો કે જ્ઞાયક સાધન વચ્ચે થયું પણ જાણવાનો આત્માને છે. જ્ઞાયક આખો એટલે જ્ઞાયક–જ્ઞાનમાં આવી જાય છે બધું. જ્ઞાન એટલે ગુણ નહીં લેવાનો. આ જ્ઞાન એટલે 'જ્ઞાયક તે હું છું, આ (રાગ) હું નથી'. 'આ દ્રવ્ય-પર્યાય એમાં બધું અનેકાંત સ્વરૂપ આવી જાય છે. દ્રવ્યદષ્ટિ સાથે જ્ઞાન અને જ્ઞાનની સાથે અનેકાંત આવી જાય છે. આ દ્રવ્ય, આ પર્યાય, આ વિભાવ, આ સ્વભાવ—એ બધું એમાં અનેકાંત સમાઈ જાય છે. જ્ઞાનથી સિદ્ધિ, સાચું જ્ઞાનથી સિદ્ધિ. એમાં અનેકાંત. દ્રવ્યદષ્ટિમાં એકાંત આવે પણ અનેકાંત સાથે જ રહેલું છે. એકાંત સમ્યક્ એકાંત ને અનેકાંત બેય સાથે જ હોય છે. સમ્યક્ એકાંત કોને કહેવાય? ઈ સાથે અનેકાંત હોય જ છે.

અને જ્ઞાનમાત્રથી કહીએ, દ્રવ્યદષ્ટિથી કહીએ, ભેદજ્ઞાનથી કહે. બધું મૂળ મુક્તિનો માર્ગ જ છે. ૪૬.

✻ પ્રશ્ન : કર્તા–કર્મની.

● ઉત્તર : હા, કર્તા કર્મનું કહે. કર્તાબુદ્ધિ છોડ એટલે કર્તાબુદ્ધિ છોડવાનું પ્રયોજન એમ છે કે 'તું જ્ઞાયક' થા. જ્ઞાતા થા. કર્તાબુદ્ધિ છૂટી કયારે કરી? કે જ્ઞાતા થાય તો કર્તાબુદ્ધિ છૂટી કહેવાય. કર્તાબુદ્ધિ એમ વિચાર કર્યા કરે કે 'હું કર્તા નથી, કર્તા નથી' 'કર્તા નથી'—એમ વિકલ્પ માત્ર કરે, એ તો વિચાર હોય છે. પણ હું આ જ્ઞાયક, હું જ્ઞાતા છું, કર્તા નથી. હું જાણનારો છું, જાણનારો છું એમ સાથે આવે તો જ કર્તાપણું છૂટી જાય. 'જે કરે સો કરતારા, જાને સો જાનનહારા. ઈ જાણે તે જ કર્તા થાતો નથી. જે કર્તા થાય તે જાણતો નથી. જે જ્ઞાતા હોય તે જ કર્તા થાતો નથી. એટલે એમાં જ્ઞાતાપણું ભેગું આવે છે. બધામાં કહેવાનું પ્રયોજન એક જ છે. બધામાં

મુક્તિનો માર્ગ–જ્ઞાનથી કીધું હોય કે દૃષ્ટિથી કીધું હોય—એક જ કહેવાનું હોય છે એને. ૪૭.

✻ પ્રશ્ન : એમ ભૂતાર્થનું આલંબન હોય જ છે?

● ઉત્તર : એમ ભૂતાર્થનું આલંબન બધામાં હોય છે. બધામાં હોય છે સાચું જ્ઞાન આવે ત્યાં ભૂતાર્થનું આલંબન હોય જ્ઞાન કોને કહેવાય કે જેમાં ભૂતાર્થ દૃષ્ટિ ભેગી હોય તો જ સાચું જ્ઞાન, નહીં તો સાચું જ્ઞાન જ ન કહેવાય. તો ઈ માત્ર વિચારરૂપ જ્ઞાન છે. ભેગું લેવું છે. ભૂતાર્થ દૃષ્ટિ કોને કહેવાય? એમાં સાથે જ્ઞાન–અનેકાંતપણે ઊભું જ હોય છે. તો જ ઈ સાચી દૃષ્ટિ છે. નહીંતર સાચી દૃષ્ટિ જ ન કહેવાય. ભૂતાર્થ દૃષ્ટિ કોને કહેવાય? જેની સાથે સાચું જ્ઞાન ઊભું હોય છે. તો જ ઈ ભૂતાર્થ દૃષ્ટિ છે. જ્ઞાયકને ઓળખ્યો, દ્રવ્યદૃષ્ટિ થઈ એની સાથે ભેદજ્ઞાન હોવું જ જોઈએ. જો ભેદજ્ઞાન ન હોય તો ઈ ભૂતાર્થ દૃષ્ટિ જ નથી. બેય અરસપરસ છે ભૂતાર્થ જ્ઞાયકને જાણ્યો, દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ તો સાથે ભેદજ્ઞાન થાવું જોઈએ. જ્ઞાયકને જુદો ન્યારો જાણ્યો કે 'આ દ્રવ્ય તે હું ને આ વિભાવ તે હું નથી'. વિભાવમાં જે ભેદ ભેદ–બધા–વિભાવ જાણે હું વિભાવરૂપે થઈ ગયો, એવી દૃષ્ટિ હતી એમાંથી 'હું જ્ઞાયક છું'—એમ દૃષ્ટિ થઈ એટલે વિભાવથી જુદો પડી જાય છે. એ ન્યારો થઈ ગયો. ન્યારો થાય એટલે ભેદજ્ઞાન ભેગું આવી જાય છે. એકત્વબુદ્ધિ હતી, એકત્વબુદ્ધિ તૂટીને એમ જ છે ભેદજ્ઞાન તો ભેગું એમાં જ આવી જાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ ત્યાં ભેદજ્ઞાન સાચું. અસ્તિ ને નાસ્તિ બે સાથે જ રહે છે. ૪૮.

✻ પ્રશ્ન : એ અનેકાંતમાં આવી જાય છે.

● ઉત્તર : એ અનેકાંત આવી જાય. પોતાને ગ્રહણ કર્યું એટલે 'આ હું નથી'—એમ ભેગું આવી જાય છે. આ 'હું દ્રવ્ય છું, આ રૂપે હું નથી, વિભાવરૂપે નથી. હું અનાદિ અનત શાશ્વત છું' અને પર્યાયથી ભેદરૂપ. પણ ઈ પર્યાય છે. જે શુદ્ધ પર્યાય થઈ, એ

ચૈતન્યની પર્યાય છે. એ જ્ઞાન બધો વિવેક કરે છે. આ વિભાવ છે એને તો સ્વભાવ ભેદ છે. આ પર્યાય છે ઈ ક્ષણ ક્ષણની છે ને દ્રવ્ય શાશ્વત છે. ક્ષણે ક્ષણે પર્યાય પણ દ્રવ્યને અવલંબીને થાય છે. ઈ બધી જાતનું અનેકાંત જ્ઞાનમાં આવી જાય છે અને દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર મુખ્યપણે રહે છે. આલંબન એનું દ્રવ્યનું. જ્ઞાનમાં બધો વિવેક હોય, વિવેક ન હોય તો સાધનાની પર્યાય જ ઉઘડતી નથી. સાધના એની થાતી જ નથી ને દ્રવ્ય ઉપર જોર પણ 'હું પૂર્ણ જ છું'. પૂર્ણ છું પણ સાધના બાકી છે. હજી વિભાવ ઊભો છે. ઈ સાધનાનું જોર ઈ જ્ઞાન સાથે અનેકાંતરૂપે ઉભું છે તો જ એનું સાધનાનું બળ દ્રવ્યદૃષ્ટિના બળે ઊપડે છે અને જ્ઞાન પણ સાથે જ હોય છે. બેય જાતનું એનું સાથે હોય તો જ સાધના થાય. ૪૯.

*** પ્રશ્ન : અનેકાંતને માત્ર જ્ઞેય સમજીને ઈ કાઢી નાખવા જેવો નથી.**

● ઉત્તર : કાઢી નાખવા જેવો નથી. માત્ર જ્ઞેય છે. જ્ઞેય છે. એ બધું સમજવાનું છે. જ્ઞેય છે તે પોતાથી પર. ઈ બધું જ્ઞેય છે. પણ પોતાના પુરુષાર્થની મંદતાએ જે અધૂરાશ ઊભી છે, જે અસ્થિરતા ઊભી છે એ અસ્થિરતા ટાળવાનો પ્રયાસ—ઈ માત્ર જ્ઞેય છે ઈ દૃષ્ટિની અપેક્ષાએ. પણ હજી દૃષ્ટિની અપેક્ષાએ એને જુદું પાડ્યું, પણ હજી અસ્થિરતા ઊભી છે, ઈ જ્ઞાનમાં એને ધ્યાન હોવું જોઈએ. ધ્યાન ન હોય તો એનો ઈ યથાર્થ જ્ઞાન જ નથી. તો એકાંતમાં ખેંચાઈ ગયો છે, પૂરું જ થઈ ગયું ને હવે કાંઈ કરવાનું નથી ને જેમ થાવાનું હતું એમ થયા કરે તો એ એનું એકાંત થયું. તો યથાર્થ સમજ્યો નથી ને યથાર્થ એની પરિણતિ યે નથી. ૫૦.

પરમ સદ્ગુરુ દેવનો જય હો.

ભગવતી માતનો જય હો.